# 6 કુટુંબમાં ભેદભાવ

સમાજનું પાયાનું એકમ છે કુટુંબ. તેને સમાજવિજ્ઞાનમાં કુટુંબસંસ્થા તરીકે ઓળખવામાં આવે છે. આ કુટુંબસંસ્થા પુરુષપ્રધાન સંસ્થા છે. એક અર્થમાં જોવા જઈએ તો દુનિયાના લગભગ બધા દેશોમાં સમાજરચના પુરુષના આધિપત્યવાળી છે એટલે કે પુરુષપ્રધાન છે. આ વ્યવસ્થામાં પુરુષ ચઢિયાતો ને સ્ત્રી ઊતરતી કોટિની ગણાય છે. પુરુષ સત્તાશીલ અને સ્ત્રી સત્તાહીન ગણાય છે. આ વ્યવસ્થા ઈતિહાસના પ્રારંભકાળથી જ ચાલી આવેલી છે. એકલું કુટુંબ જ નહિ, સમાજની બધી સંસ્થાઓ સ્વરૂપે પુરુષપ્રધાન છે. ધર્મ પણ એમાં આવી ગયો સમજવો. આ વ્યવસ્થાનાં મૂળ ખૂબ ઊંડે સુધી પ્રસરેલાં હોવાથી સમાજમાં પુરુષની સત્તા અજેય ગણાય એટલી મજબૂત છે. વળી તે એવી માન્યતા ઉપર ઊભી છે કે પુરુષપ્રધાન સમાજરચના માનવસૃષ્ટિની શરૂઆતથી જ ચાલી આવી છે ને તે જ વ્યવસ્થા કાયમ રહેવાની છે. આવી સમાજરચનામાં જે કુટુંબસંસ્થા છે તે પિતૃસત્તાકના નામે ઓળખાય છે. ભારતમાં એવી અલ્પ સંખ્યાની જ્ઞાતિઓ છે ખરી કે જ્યાં કુટુંબમાં પિતાનું નહિ પણ માતાનું આધિપત્ય હોય. આસામમાં અને કેરાલામાં આવા માતૃવંશી સમાજો છે. તેમાં મિલકત અને બાળકો માતાનાં જ ગણાતાં હોય છે. લગ્ન પછી કન્યાને બદલે વર કન્યાના ઘેર જઈને રહેતો હોય છે. પિતૃસત્તાક કુટુંબોમાં આવો વર ઘરજમાઈ તરીકે ઓળખાય છે. કોઈ પણ યુવાન ઘરજમાઈ બને તેમાં તેની પ્રતિષ્ઠા ગણાતી નથી.

## પિતૃસત્તાક કુટુંબની શરૂઆત

જીવનના પ્રારંભકાળે માણસ તદ્દન પ્રાથમિક અવસ્થાનું જીવન જીવતો હતો. તે પશુપક્ષીઓનો શિકાર કરીને પોતાનું ગુજરાન ચલાવતો. ત્યારે સ્ત્રીપુરુષના જાતીય સંબંધે બાળકોનો જન્મ થતો. આ બાળકો તેમને જન્મ આપનાર પુરુષ અને સ્ત્રીનાં બાળકો ગણાતાં. આ ક્રિયાકલાપમાં કુટુંબવ્યવસ્થાનાં મૂળ રહેલાં છે.

એ વખતની કુટુંબવ્યવસ્થામાં માતૃત્વની જવાબદારીના કારણે કામની વહેંચણી જાતીય ધોરણે થતી. શિકારયુગમાં સ્ત્રીઓ એવું કામ કરતી કે જેમાં તેમની માતા તરીકેની જવાબદારી સરળતાથી નિભાવી શકાય અને કુટુંબનાં કાર્યો ચાલ્યા કરે.

શિકાર કરવાનું કામ એ વખતે કુટુંબનું મુખ્ય કામ હતું. હાથી, વાઘ, ગેંડો, સિંહ વગેરે શિકારી જાનવરોના શિકારે સ્ત્રીઓ ના જઈ શકતી કારણ કે તેમની ગર્ભાવસ્થા તેમાં અડચણરૂપ બનતી હતી. હરણ, સસલાં, સાબર, જંગલી ભેંસ વગેરેના શિકારમાં પણ જંગલની ઊબડખાબડ જમીન પર દોડવાનું મુશ્કેલ બનતું. નાના બાળકને તેડીને શિકાર કરવામાં પણ અડચણો આવતી. કોઈ કારણે બાળક રડવા લાગે તો શિકાર નાસી જતો અને પ્રયત્નો નિષ્ફળ જતા.

આ પરિસ્થિતિમાં કુટુંબમાં કાર્યવિભાજનની શરૂઆત થઈ.

## કુટુંબમાં કાર્યવિભાજનની શરૂઆત

ઉપરોક્ત ચર્ચામાંથી એક બાબત સ્પષ્ટ થાય છે કે કુટુંબમાં સૌપ્રથમ કાર્યવિભાજન જાતીય આધારે થયું હતું. એમાં પુરુષના ભાગે બહાર શિકારે જવાનું ગોઠવાયું ને સ્ત્રીઓ બાળકોને સાચવે. તે ઉપરાંત તેમની શારીરિક અવસ્થાને અનુરૂપ તેઓ નાના શિકાર કરતી અને કંદમૂળ એકઠાં કરતી. ઘરમાં આવેલા શિકારને અગ્નિમાં શેકીને ખોરાક તૈયાર કરવાનું પણ તેમના ભાગમાં આવ્યું.

સ્ત્રી-સમાનતાના હિમાયતી એવા કેટલાક વિદ્વાનો એવું માને છે કે ઉપર પ્રમાણેના કાર્યવિભાજનની પાછળ સ્ત્રીની એ સિવાયના કામની અણઆવડત કે કોઈ મનોદૈહિક નબળાઈ કારણભૂત નહોતી. એમાં એવી સમજણ રહેલી હતી કે બાળકને જન્મ આપવાનું અને તે પગભર થાય ત્યાં સુધી તેને ઉછેરવાનું કામ કુદરતી રીતે જ માતાનું હતું તેથી અન્ય બહારનાં કામોમાંથી એને બાકાત રાખવામાં આવી હતી. અહીં એ બાબત પણ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે આ કાર્યવિભાજનમાં સ્ત્રીને કોઈ પ્રકારનો અન્યાય કરવાની કે એને ઊતરતી કક્ષાની ગણવાની વાત ન હતી. એ માત્ર જાતીય ધોરણે અને જૈવિક કારણસર થયેલું વિભાજન હતું. પણ એમાં જ પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થાનું બીજ પડેલું છે.

ઉપરોક્ત કાર્યવિભાજનને કાયમી બનાવવા માટે કાળક્રમે તેની કેટલીક માન્યતાઓ પ્રચલિત થઈ. એમ મનાવા લાગ્યું કે સ્ત્રીને માતૃત્વ ભારરૂપ નથી લાગતું; ઊલટાનું એ બાબત એને આનંદ આપનારી છે. બાળકને જન્મ આપવાથી તેને પરમ સંતોષ થાય છે. સ્ત્રી માતા બને છે ત્યારે પોતાને ધન્ય માને છે. માતૃત્વ એ સ્ત્રીના જીવનનું સાફલ્ય છે.

પુરુષના ભાગે બહારનું કામ આવ્યું. એ કામના લીધે એને શારીરિક ખડતલપણું મળ્યું. ભારે જોખમનું, ખૂબ દોડવાનું કે રખડવાનું તથા શિકારને મારીને તેને ઘેર લઈ આવવાનું કે તેમાંથી ઉપયોગી ભાગ કાઢીને લાવવાનું કામ કરતાં કરતાં તેનામાં નીડરતા અને મર્દાનગીના ગુણો વિકસ્યા.

એ જમાનામાં મનુષ્યોની જુદી જુદી ટોળીઓ વચ્ચે અવારનવાર લડાઈઓ થતી અને પોતાના કુટુંબના રક્ષણ માટે પુરુષોને એમાં ઝંપલાવવું પડતું. એમાં પુરુષો પોતાની બહાદુરી દેખાડતા તેથી ક્રમે ક્રમે તેઓ વધારે ચઢિયાતા ગણાવા લાગ્યા.

## પિતૃસત્તાક કુટુંબનો વિકાસ

ખેતી અને પશુપાલનના વિકાસની સાથે માણસના ભટકતા જીવનનો અંત આવ્યો અને એક સ્થળે સ્થિર વસવાટની શરૂઆત થઈ. આવી વસવાટવ્યવસ્થાની સાથે જમીનને મિલકતનું રૂપ મળ્યું. ખેતીનાં ઓજારો, પશુઓ એ બધાનો પણ મિલકતમાં સમાવેશ થયો. મિલકત થઈ એટલે એનો માલિકીહક પણ આવ્યો ને એ હક પુરુષનો ગણાયો. પુરુષ બધી માલમિલકતનો માલિક બન્યો. મિલકત ને તેની ઉપરનો માલિકીહક મળવાથી પુરુષની સત્તામાં ઘણો વધારો થયો ને પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થાનો પાયો ખૂબ મજબૂત બન્યો.

## ખેતીપ્રધાન કુટુંબમાં શ્રમવિભાજન

શિકાર આધારિત કુટુંબવ્યવસ્થામાંથી ખેતી આધારિત વ્યવસ્થામાં કુટુંબનું રૂપાંતર થયું. ખેતી શ્રમપ્રધાન ધંધો હતો. એ જમાનામાં કોઈ યાંત્રિક સાધનો ન હતાં. ખેતીનું તમામ કામ માણસોએ પોતાના હાથે કરવાનું રહેતું. ખેતીમાં કેટલાંક કામ ભારે શ્રમનાં હતાં તો કેટલાંક કામ હળવા શ્રમનાં હતાં. એવાં કામોમાં બાળકો અને સ્ત્રીઓની સહાયની જરૂર પડવા લાગી.

સ્ત્રીઓને ભાગે બાળકોને જન્મ આપવાનું અને તેમને મોટાં કરવાનું કામ હતું. એનો અર્થ એવો થાય કે સ્ત્રીઓ કુટુંબની સભ્યસંખ્યામાં વધારો કરતી હતી અને ખેતીમાં જનસંખ્યા જેમ વધારે હોય તેમ વધારે ઉત્પાદન મેળવી શકાતું હતું. તેથી ખેતી આધારિત અર્થવ્યવસ્થામાં માતૃત્વને કારણે સ્ત્રીઓનું મહત્ત્વ વધારે અંકાવા લાગ્યું. છતાં પણ પુરુષોનું કામ ઊંચું અને સ્ત્રીઓનું કામ નીચું એવા ભેદ શરૂ થઈ ગયા હતા, કારણ કે સ્ત્રીને મિલકતનો અધિકાર ન હતો. તેની પાસે કોઈ બાબતે નિર્ણય લેવાની સત્તા ન હતી. પુરુષ બહારનાં કામો કરતો હોવાથી તેના સંપર્કો અને સંબંધો વ્યાપક સમાજ સાથે વધતા ગયા તેમ તેમ તેની સત્તા પણ વધતી ગઈ. સ્ત્રીઓની બાબતમાં આવું કંઈ થવાનું સંભવિત ન હતું.

એનો અર્થ એવો ન હતો કે સ્ત્રીનું કોઈ મહત્ત્વ જ ન હતું, તેની કોઈ ગણના જ ન હતી. પિતૃપ્રધાન કુટુંબવ્યવસ્થાને સ્થિર કરવામાં તેના માતૃત્વને કારણે સ્ત્રીનો ફાળો મહત્ત્વનો હતો ને પુરુષસમાજે આ બાબતને પ્રમાણી હતી. સ્ત્રીની વાત્સલ્યભાવના, તેની ત્યાગભાવના અને ગૃહિણી તરીકે તેની મહત્તાનો આદર્શ વિકસાવવામાં આવ્યો. તેની માતા તરીકેની અને ગૃહિણી તરીકેની કામગીરીનું બહુમાન કરવામાં આવ્યું. એની સાથોસાથ પુરુષના કુટુંબ પરના આધિપત્યને સ્ત્રીસમાજે પણ સ્વીકારી લીધું.

આ રીતે ભારતીય સમાજમાં કુટુંબવ્યવસ્થાનો મજબૂત પાયો નંખાયો અને આ પાયા પર જે કુટુંબ-વ્યવસ્થા વિકસી તે આજપર્યંત ચાલી આવે છે.

માણસને કુટુંબમાં જીવન મળે છે, ઉછેર મળે છે, સંસ્કાર અને શિક્ષણ મળે છે; સલામતી, હૂંફ અને પ્રેમ પણ મળે છે. તે પુખ્ત વયે પહોંચે ત્યારે કુટુંબ તેનાં લગ્ન કરાવી આપે છે ને તેના પોતાના કુટુંબનું સર્જન કરવાની તક પણ તેને કુટુંબ થકી જ મળે છે.

આવા કુટુંબમાં પતિપત્ની હોય છે, તેમનાં સંતાનો હોય છે. તે ઉપરાંત જો તે સંયુક્ત કુટુંબ હોય તો તેમાં દાદા-દાદી, કાકા-કાકી, ભાઈ-ભાભી વગેરે પણ હોય છે. કુટુંબ સંયુક્ત હોય કે વિભક્ત, એમાં દરેકને ભાગે આવતું કામ દરેકે કરવાનું હોય છે. કોને ભાગે કયાં કામ કરવાનાં આવે છે તેના વિભાજનમાં પણ કેટલાક ખ્યાલ રહેલા હોય છે. તે પ્રમાણે જે કાર્યવહેંચણી કુટુંબમાં થાય છે તે જ કાર્યવિભાજન કહેવાય છે. આ પ્રકારનું વિભાજન મોટે ભાગે કુટુંબનો વડો કે અધિપતિ કરતો હોય છે. કુટુંબમાં તેની સર્વસત્તા સ્થાપિત થયેલી હોય છે ને તે સત્તા કે અધિકારને બળે તે સૌને કામ સોંપે છે, તેમાં જરૂર હોય ત્યારે ફેરફાર પણ કરે છે ને પોતાની સત્તાને અબાધિત ટકાવી રાખે છે.

કુટુંબમાં શ્રમવિભાજનની વાત કરતાં પહેલાં આપણે એક બાબત સમજી લેવાની જરૂર છે કે બધાં કુટુંબ એક પ્રકારનાં નથી હોતાં. એક ખેડૂતનું કુટુંબ મધ્યમવર્ગીય નોકરિયાતના કુટુંબ કરતાં એની કામગીરીની દૃષ્ટિએ જુદું પડે છે; એક મજૂરનું કુટુંબ, એક વનવાસીનું કુટુંબ, એક વેપારીનું કુટુંબ, એક પુરોહિતનું કુટુંબ- આ બધાં કુટુંબો તેમણે કરવાનાં કાર્યોની દૃષ્ટિએ અમુક અંશે એકબીજાથી જુદાં પડે છે. અલબત્ત, એ સર્વ કુટુંબોમાં સ્ત્રીઓના ભાગે આવતું પ્રજનનનું કામ, ઘર ચલાવવાનું કામ, બાળકોના ઉછેરનું કામ અને એને લગતાં કામો સર્વસામાન્ય હોય છે. આ કાર્યવિભાજન જાતિ આધારિત હોય છે એ વાત ધ્યાનમાં રાખવાની છે. એ ઉપરાંત આપણે એ પણ સમજી લેવાનું છે કે કાર્યવિભાજનથી દરેકે કરવાનું કામ તે એક પ્રકારની આર્થિક પ્રવૃત્તિ ગણાય છે.

### શ્રમવિભાજન

સમાજમાં સૌપ્રથમ સ્ત્રી-પુરુષની ભૂમિકાઓને પરંપરાગત મૂલ્યો અને માન્યતાઓ પ્રમાણે વિભાજિત કરવામાં આવી છે. આ મૂલ્યો પ્રમાણે કુટુંબ માટે કમાવાનું કામ પુરુષ કરે જ્યારે કુટુંબનાં અંદરનાં કામો જેવાં કે રાંધવું, બાળસંભાળ, માંદાંની માવજત, ઘરડાંની સેવાચાકરી વગેરે કામો સ્ત્રીઓના ભાગે ફાળવ્યાં છે.

### સ્ત્રીઓનાં કામ

આ પ્રકારના વિભાજન સાથે કુટુંબનો દરજ્જો અને પ્રતિષ્ઠા સંકળાયેલાં છે. સ્ત્રીને કમાણીનું કામ કરવું પડે એ બાબત પહેલાંના સમયમાં કુટુંબની પ્રતિષ્ઠાને હાનિકર્તા ગણાતી હતી. આર્થિક કામ કરીને કુટુંબ માટે કમાણી કરતી સ્ત્રીનો દરજ્જો પહેલાંના વખતમાં ઊતરતો ગણવામાં આવતો હતો. ખરું જોતાં તો, ઉપલા વર્ગ અને ઉપલી જ્ઞાતિની સ્ત્રીઓને જ આ વાત લાગુ પડતી હતી. એ સિવાયના તમામ વર્ગોમાં સ્ત્રીઓ બધાં કામ કરતી આવેલી છે. એક જૂથ તરીકે સ્ત્રીઓ આર્થિક વળતરવાળાં કામ શરૂઆતથી જ કરતી આવી છે.

ખેતી, પશુપાલન, ગૃહઉદ્યોગ, વેપાર જેવાં કામોમાં સ્ત્રીઓ હંમેશાં ભાગીદાર થતી આવી છે. ઘરમાં પણ સ્ત્રીઓ હંમેશાં એવાં કામો કરતી આવી છે કે જે કામો આર્થિક બચતનાં કામો ગણાય છે. દા. ત., ઘરમાં પાણી ભરી લાવવું, પશુઓની સંભાળ રાખવી ને તેમનો ઘાસચારો લાવવો, બળતણ એકઠું કરી લાવવું, રસોઈ કરવી, સૌને જમાડવાં, ઘરની સફાઈ, વાસણોની સફાઈ, કપડાં ધોવાં, ઘરની આસપાસ શાકભાજી ઉગાડવાં, ખાદ્યપદાર્થોની જાળવણી કરવી, અનાજ દળવું, ખાંડવું, ભેંસો-ગાયોને દોહવી, વલોણાં કરવાં વગેરે કામો ગ્રામવિસ્તારોમાં આજે પણ સ્ત્રીઓનાં જ ગણાય છે.

**પુરુષોનાં કામ**

પુરુષો બહારનાં કામો સંભાળે છે. બહારનાં એટલે ઘરની બહારના સ્થળે કરવાનાં હોય તેવાં કામો. દા. ત., ખેતીમાં હળ કે ટ્રેક્ટર ચલાવવું, વાવણી કરવી, આંતરખેડ કરવી, સિંચાઈ આપવી, પાકને ખાતર આપવું, પાક પર દવાનો છંટકાવ કરવો, ખેતર ફરતે વાડ કરવી, વાંદરાં, રોઝ વગેરે જાનવરોથી પાકનું રક્ષણ કરવું, વૃક્ષો ઉછેરવાં, પાકમાં નિંદામણ કરવું, કાપણી ને લણણીનું કામ, ખેતરપાળાની જાળવણી કરીને જમીનનું ધોવાણ અટકાવવું, ઢોર ચરાવવાં, બળદોને ઘાસપૂળો કરવો, ખેતી માટે જરૂરી ખરીદી કરવી વગેરે કામો હંમેશાં પુરુષો કરે છે.

ખેતીમાં સામૂહિક કામો જેવાં કે નિંદામણનું કામ, કાપણી અને લણણીનું કામ વગેરેમાં સ્ત્રીઓ હંમેશાં જોડાતી હોય છે. તે ઉપરાંત બાળકોને નવડાવવાં, તેમને ખવરાવીને તૈયાર કરીને શાળાએ મોકલવાં, દૂધ સહકારી મંડળીમાં દૂધ ભરાવી આવવું, ખેતરમાંથી પશુઓ માટે લીલો ચારો લાવવો વગેરે કામો સ્ત્રીઓ જ કરતી હોય છે.

પરંપરાગત રીતે આ શ્રમવિભાજન ચાલ્યું આવે છે ને તે સૌએ સ્વીકારી લીધેલું છે. એમાં સ્ત્રીઓને ન્યાય મળે છે કે તેમને અન્યાય થાય છે ? સામાન્ય રીતે સ્ત્રીઓ પુરુષના ભાગે આવતાં તમામ કામો કરવાને શારીરિક અને બૌદ્ધિક રીતે સક્ષમ હોય છે પરંતુ સ્ત્રીઓનાં કામો કમાણીનાં કામ ગણાતાં નથી કે રોજગાર તરીકે તેમની નોંધ લેવાતી નથી. તેમાંનાં મોટા ભાગનાં કામો આર્થિક વળતરવાળાં કામ ગણાતાં નથી અને તેથી જ તે બિનમહત્ત્વનાં કામોમાં ગણાઈ જાય છે. આ બાબત સ્ત્રીઓને અન્યાયકર્તા છે. બજારમાં સ્ત્રીઓનાં કામનું ખરીદ-વેચાણ થતું નથી. આ બાબત સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય છે. વળી, સ્ત્રીના કામના મૂલ્યાંકનના માપદંડ અને પુરુષના કામના મૂલ્ય આંકવાના માપદંડ જુદા જુદા હોય છે. એટલે ખેતીમાં એક પુરુષ અને એક સ્ત્રી બંને સરખું કામ કરતાં હોય તોય બંનેને સરખી મજૂરી ચૂકવાતી નથી. સ્ત્રીને હંમેશાં ઓછી મજૂરી ચૂકવાય છે. આવું જ બાંધકામઉદ્યોગમાં પણ જોવામાં આવે છે. સ્ત્રીને ઊતરતી કક્ષાની ગણવામાં આવે છે તે બાબત સરવાળે સ્ત્રીઓને અન્યાયકર્તા નીવડે છે.

**સ્ત્રીઓને અન્યાયકર્તા બાબતો**

પિતૃસત્તાક કુટુંબમાં સ્ત્રીઓને મોટામાં મોટી મર્યાદા વેઠવી પડે છે તે મિલકતના અધિકારની. સ્ત્રી પિયરમાં હોય ત્યારે પિતાની મિલકતના ભાગ પડે તો માત્ર તેના પુત્રોને જ તેમાંથી ભાગ મળે છે, પુત્રીઓને પિતાની મિલકતમાં કોઈ ભાગ મળતો નથી. સ્ત્રી પરણીને સાસરે જાય ત્યારે ત્યાં સસરાની મિલકત પતિને મળે છે, તેમાં વહુને કશો હિસ્સો મળતો નથી. પતિની જે મિલકત હોય તેની માલિકી સંપૂર્ણ તેના પતિની હોય છે. પત્નીને પતિની મિલકતમાં અડધો માલિકીહક મળતો નથી. આ જાતની મિલકતની માલિકીની વ્યવસ્થા કુટુંબની શરૂઆત જેટલી પુરાણી છે.

આ વ્યવસ્થાનું પરિણામ એ આવ્યું છે કે કુટુંબમાં સ્ત્રી હંમેશાં નિરાધાર રહીને, પોતાના પિતા, પતિ કે ઘડપણમાં પુત્રોને આધારે જ પોતાનું જીવન જીવતી આવી છે. હિંદુ સમાજરચનાના વિધાનમાં જ આ બાબત

પડેલી છે. મનુસ્મૃતિમાં લખ્યું છે - न स्त्री स्वातंत्र्यम् अर्हते। એટલે કે સ્ત્રી સ્વતંત્રતાને લાયક નથી. આ માન્યતા યુગોજૂની છે. તેને કારણે સ્ત્રીને પુરુષની મિલકત ગણવામાં આવેલી છે. સ્ત્રીઓ કુટુંબની આવી અર્થરચનાની ભોગ બનેલી છે.

સ્ત્રીને પોતાની કોઈ મિલકત ન હોવાથી બીજી રીતે પણ કુટુંબમાં તેની અવગણના કરવામાં આવે છે. કુટુંબને લગતી કોઈ પણ બાબતમાં નિર્ણય કરવાનો અધિકાર કુટુંબના વડા પાસે એટલે કે પિતા કે પતિ પાસે હોય છે. મિલકતની ખરીદી કે વેચાણમાં, દીકરા-દીકરીને ક્યાં સુધી કયું શિક્ષણ આપવું તે બાબતમાં, તેમનાં સગાઈસગપણ કરવાની કે તેમનાં લગ્ન વખતે કયા કેવા વ્યવહાર કરવા તે અંગે પણ નિર્ણય તો પુરુષના હાથમાં હોય છે.

કુટુંબમાં પતિ અને પત્ની વચ્ચે નાનીમોટી કોઈ બાબતે ઝઘડો થાય ત્યારે સ્ત્રીની બૂરી વલે થાય છે. પુરુષ હંમેશાં એવું માને છે કે તે કહે તેમ થવું જ જોઈએ, એનો શબ્દ એટલે આજ્ઞા અને એના પાલનમાં જ્યારે તેને સંતોષ ન થાય ત્યારે તે પત્નીને ધોલધપાટ કરે છે, તેને અપમાનિત કરે છે, હડધૂત કરે છે અને સ્ત્રીએ મૂંગામોંઢે એ બધું વેઠી લેવું પડે છે.

અત્યારના જમાનામાં ઉચ્ચ કક્ષાની કેળવણી લીધેલી હોય એવાં યુવક-યુવતી પ્રેમમાં પડીને લગ્ન કરે છે. લગ્ન પછી તે યુવતી નોકરી કરવા કે કોઈ સામાજિક પ્રવૃત્તિઓ કરવાની ઈચ્છા કરે તો મોટે ભાગે તેમાં પતિની મનાઈ આવી પડે છે ને જો પતિની ઉપરવટ જઈને પત્ની એવું કરવા લાગે તો કુટુંબજીવન બરબાદ થવાની નોબત આવે છે. આધિપત્ય તો પુરુષનું જ રહે એવી માન્યતા ઘણે ઊંડે સુધી જડ ઘાલી બેઠેલી છે.

ઉપર લખેલી બાબતો સમાજમાં પ્રચલિત માન્યતાઓ કે વ્યવહારોનો નિર્દેશ કરે છે. તેમાં અપવાદો પણ હોય છે. ઘણાં કુટુંબોમાં સ્ત્રીપુરુષના સંબંધો અત્યંત સુમેળ, સહકાર અને સમાનતાના જોવામાં આવે છે પણ એવાં કુટુંબોનું પ્રમાણ ઘણું ઓછું હોય છે.

આવી સામાજિક વિષમતા અને અન્યાયયુક્ત પરિસ્થિતિને સુધારવા માટે સમાજસુધારકો અને સરકારે પોતાની રીતે પ્રયાસો કર્યા છે ને તેને માટે કેટલાક કાયદા પણ ઘડવામાં આવ્યા છે.

**સ્ત્રીઓની સ્થિતિ-સુધારણા માટેના કાયદા**

કોઈ પણ સમાજ સ્થગિત નથી. પરિવર્તન સમાજની લાક્ષણિકતા છે. ભારતીય સમાજમાં સ્ત્રીનો દરજ્જો માતાનો અને ગૃહિણીનો છે. પણ તે બંને સ્થિતિમાં સ્ત્રી પુરુષના આધિપત્યમાં રહે છે. આ પરંપરાગત હજારો વર્ષોથી ચાલી આવતી સ્થિતિમાં સુધારો કરવાના પ્રયાસો અંગ્રેજી રાજ્યઅમલ દરમિયાન શરૂ થયા હતા. તેમાં સમાજના પ્રબુદ્ધ આગેવાનો - રાજા રામમોહનરાય જેવાનો ફાળો અનન્ય હતો. તેમના પ્રયત્નોને પરિણામે સ્ત્રીઓને શિક્ષણ આપવાની શરૂઆત થયેલી.

**સતીપ્રથા નાબૂદીનો કાયદો**

રાજા રામમોહનરાયે સતીપ્રથા બંધ કરાવવા માટે વિશેષ પ્રયાસો કર્યા હતા. એ સમયમાં વિધવાનું જીવન અતિશય દુઃખ અને યાતનાઓથી ભરેલું હતું. તેણે આખો દિવસ ઘરના અંધારા ઓરડામાં બેસી રહેવું પડતું. તે કુદરતી હાજતે પણ રાત્રે જ જઈ શકતી. તેણે માથાના વાળ કઢાવી નાખવા પડતા. ચાંદલો ન કરાય. કોઈની નજરે ન પડાય. કોઈ સારા પ્રસંગમાં ભાગ લેવાની તો વાત જ ક્યાંથી હોય! ખાવાનું પણ વધ્યુંઘટ્યું હોય તે મળતું. આવા યાતનામય જીવન કરતાં તો મોતને વહાલું કરવું સારું એમ સમજીને પતિ મરણ પામે ત્યારે તેની પત્ની પતિનું માથું ખોળામાં લઈને ચિતામાં બેસતી. સમાજ આવી સ્ત્રીનાં ખૂબ ગુણગાન કરતો ને મહિમા ગાતો. પણ ચિતાને આગ લાગે ત્યારે તે સ્ત્રી ચીસો પાડતી તે બધી તે વખતે વગાડવામાં આવતા ઢોલનગારાંના અવાજમાં ડૂબી જતી અને લાંબા લાંબા વાંસ વડે ત્યાં ઊભેલા માણસો એ સ્ત્રીને ચિતામાં ધકેલી દેતા.

આ અમાનુષી રિવાજને પ્રાચીન હિંદુ શાસ્ત્રોમાં ક્યાંય સ્થાન ન હતું તેવું પોતાના અભ્યાસથી પ્રતિપાદિત કરીને રાજા રામમોહનરાયે તે વખતે અંગ્રેજ ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બૅન્ટિંકને કાયદાથી સતીપ્રથાને અટકાવવાની રજૂઆત કરી હતી. તેના પરિણામે ઇ.સ. 1829માં અંગ્રેજ સરકારે કાયદો કરીને સતી થવા ઉપર પ્રતિબંધ મૂક્યો.

### વિધવા પુનર્લગ્નનો કાયદો

સતીપ્રથા ઉપર કાયદાથી પ્રતિબંધ મૂક્યો એથી કાંઈ સ્ત્રીઓ વિધવા થતી બંધ થઈ જવાની નહોતી. એમાંય બાળવિધવાઓ તો સમાજનો સળગતો સવાલ હતો.

રાજા રામમોહનરાયે વિધવા પુનર્લગ્નનો જોરદાર પ્રચાર શરૂ કર્યો. એમણે સ્થાપેલા બ્રહ્મોસમાજે તો રીતસર એની ઝુંબેશ ઉપાડી. એ કાર્યમાં કલકત્તાના બીજા મોટા સમાજસુધારક શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના અથાગ પ્રયત્નોનું બળ મળ્યું. એ બધા પ્રયાસોને પરિણામે ઈ. સ. 1856માં અંગ્રેજ સરકારે વિધવાવિવાહને માન્યતા આપતો કાયદો (હિંદુ વિડોઝ રિમૅરિજ ઍક્ટ-1856) ઘડ્યો. આથી હિંદુ સમાજની બાળવિધવાઓનાં પુનર્લગ્નનાં દ્વાર ખૂલ્યાં. (ઈ. સ. 1984માં આ કાયદો કાયદાપોથીમાંથી રદ કરવામાં આવ્યો છે.)

આ બંને કાયદાઓ અમલમાં આવવાથી સૈકાઓથી અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં જીવતા સમાજમાં મોટાં વમળો પેદા થયાં ને ખળભળાટ મચી ગયો.

ઉપરોક્ત સમાજસુધારકોને તેમની સમાજસુધારાની ચળવળમાં મહારાષ્ટ્રના મહાદેવ ગોવિંદ રાનડેનો ઘણો ટેકો મળ્યો. તેમણે અંગ્રેજી કેળવણી લીધી હતી ને તેમના વિચારો ઉદાર હતા. તેમનું લક્ષ્ય બાળલગ્નો અટકાવવાનું હતું.

### લગ્નવયની સંમતિનો કાયદો

મહાદેવ ગોવિંદ રાનડે બાળલગ્નોના વિરોધી હતા. એમના મત પ્રમાણે છોકરીઓની લગ્નવય ઓછામાં ઓછી બાર વર્ષની હોવી જોઈએ. તેમનાં આવાં સમાજસુધારાનાં કાર્યોમાં અંગ્રેજી કેળવણી પામેલા બીજા ઘણા લોકોનો ટેકો મળ્યો હતો. તેઓ માનતા હતા કે બાળલગ્નો શિક્ષણકાર્યમાં અવરોધક હતાં તથા તેના કારણે જ વિધવાઓની સંખ્યા વધ્યા કરતી હતી. એ સૌ સુધારકોના પ્રયત્નોના પરિણામે ઈ. સ. 1881માં સરકારે લગ્નવય સંમતિ(ધ એઈજ ઑફ કન્સેન્ટ)નો કાયદો ઘડ્યો. આ કાયદાથી લગ્નવય છોકરીઓ માટે બાર વર્ષની નક્કી થઈ.

### સ્ત્રી-પુરુષની સમાનતાનો બંધારણીય કાયદો

ભારત દેશના બંધારણના આમુખમાં લખ્યું છે કે ''બંધારણ તેના બધા નાગરિકો માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વૈચારિક અભિવ્યક્તિ, માન્યતાઓ, શ્રદ્ધા અને ધર્મની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાતા... ની બાંયધરી આપે છે.''

આઝાદી આવ્યા પછી ભારતનું નવું રાજબંધારણ અમલમાં આવ્યું. તેમાં કરેલી કેટલીક જોગવાઈઓ તેમજ કેટલાક કાયદાઓ ઘડીને સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવવાના પ્રયત્નો થયા છે. અત્યારના સમાજમાં સામાજિક પરિવર્તન પણ કાયદા કરીને લાવી શકાય છે. સમાજમાં પ્રવર્તતી અસમાનતા અને શોષણને દૂર કરવા માટે કાયદો એક મહત્ત્વનું પરિબળ છે.

ભારતનું બંધારણ પુરુષો અને સ્ત્રીઓને નાગરિક તરીકે સમાનતા આપે છે. બંધારણનો અનુચ્છેદ 14મો ઠરાવે છે કે -

''ભારતના રાજ્યક્ષેત્રમાં, કોઈ પણ વ્યક્તિને કાયદા સમક્ષની સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો રાજ્ય ઇન્કાર કરી શકશે નહિ.''

આનો અર્થ એવો થાય છે કે કાયદાની નજરે સૌ સમાન છે, કોઈ ઊંચું નથી કે કોઈ નીચું નથી; કોઈ રાય નથી કે કોઈ રંક નથી. એ ઉપરાંત બંધારણમાં એવી પણ જોગવાઈ છે કે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થાનને કારણે રાજ્ય કોઈ પણ બાબતમાં કોઈ પણ નાગરિક પ્રત્યે ભેદભાવ દર્શાવી શકશે નહિ. એ જ કારણે રાજયની સેવાઓમાં પણ કોઈ પણ નાગરિક પ્રત્યે ભેદભાવ દાખવવામાં આવશે નહિ. ભારતના બંધારણમાં જે મૂળભૂત હકો નાગરિકોને આપવામાં આવ્યા છે તે પુરુષોને અને સ્ત્રીઓને સમાન રીતે પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાજ્યોને જણાવવામાં આવ્યું છે કે પુરુષો અને સ્ત્રીઓને ભરણપોષણનાં યોગ્ય સાધનો મળે અને સમાન કામ માટે સમાન વેતન મળે એવાં પગલાં રાજ્યે લેવાનાં છે.

બંધારણમાં જાતિ આધારિત ભેદભાવો દૂર કરીને સ્ત્રી-પુરુષની સમાનતાની વાત ભારપૂર્વક જણાવી છે તે પરથી ખ્યાલ આવે છે કે સ્ત્રીઓની સ્વતંત્રતાને એક સામાજિક મૂલ્ય તરીકે સ્થાપિત કરી છે.

## હિન્દુ લગ્નધારો - 1955

હિન્દુ સ્ત્રીઓના લગ્ન માટે 1955નો હિન્દુ લગ્નધારો મુખ્ય કાયદો ગણાય છે. હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે હિન્દુ લગ્ન એક સંસ્કાર ગણાય છે. હિન્દુ ધાર્મિક ગ્રંથોની જોગવાઈ પ્રમાણે હિન્દુઓના સામાન્ય વ્યવહારોમાં પત્નીને અર્ધાંગિની માનેલી છે. એટલે પતિનાં સર્વ કર્મો અને હકમાં તે હિસ્સેદાર બને છે.

ઉપરોક્ત કાયદાની જોગવાઈ પ્રમાણે જુદી જુદી જ્ઞાતિ અથવા પેટાજ્ઞાતિનાં સ્ત્રી અને પુરુષનાં લગ્ન કાયદેસર ગણાય છે. હિન્દુ ધર્મમાં શૈવ ધર્મ, લિંગાયત, બ્રહ્મોસમાજ, આર્યસમાજ, રામાનુજ સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, શાક્ત સંપ્રદાય, જૈનો, બૌદ્ધો, શીખો એ બધાને આ કાયદો લાગુ પડે છે.

આ ધારાની મુખ્ય જોગવાઈઓ નીચે પ્રમાણે છે :

(1) લગ્ન સમયે વર અને કન્યા બંને માનસિક રીતે સ્વસ્થ અને ગાંડપણ વિનાનાં હોવાં જોઈએ.

(2) લગ્ન વખતે વરની ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષ અને કન્યાની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષની હોવી જોઈએ.

(3) બંને પક્ષો વચ્ચે સગોત્ર સંબંધ ન હોવો જોઈએ.

(4) હિન્દુ વિધિ મુજબની લગ્નની ક્રિયામાં વિવાહ હોમ અને સપ્તપદી એ બે વિધિ અનિવાર્ય ગણવામાં આવી છે. હિન્દુ લગ્નમાં સપ્તપદીની વિધિ વિના - જ્યાં સુધી સાતમું પગલું ન ભરાય ત્યાં સુધી લગ્ન પૂર્ણ થતાં નથી.

(5) **સ્ત્રીધન** - લગ્ન કરનાર સ્ત્રીને ભવિષ્યમાં મદદ મળી રહે તે માટે આ કાયદામાં સ્ત્રીધનની જોગવાઈ કરવામાં આવી છે. પિતા તરફથી, માતા તરફથી, ભાઈ તરફથી, મામા તરફથી કે પતિ તરફથી લગ્ન વખતે જે ભેટ અથવા બક્ષિસ મળે અથવા જે વેદી ઉપર મૂકવામાં આવે છે તે સ્ત્રીધન ગણાય છે. લગ્ન પછી પણ જે બક્ષિસ વગેરે કન્યાને મળે તેનો સ્ત્રીધનમાં સમાવેશ થાય છે. આ સ્ત્રીધન ઉપર તેના પતિનો કોઈ હક નથી હોતો.

## છૂટાછેડાની જોગવાઈ

1955ના હિંદુ લગ્નધારામાં પતિ કે પત્નીને નીચેનાં કારણોસર છૂટાછેડા મેળવવાનો હક મળે છે :

(1) **વ્યભિચાર** : બેમાંથી કોઈ એક પક્ષ વ્યભિચારી જીવન ગુજારતો હોય.

(2) **ધર્માન્તર** : પતિ કે પત્ની બેમાંથી કોઈ એક ધર્માન્તર કરીને હિન્દુ મટી જાય.

(3) **ગાંડપણ** : પતિ કે પત્ની બેમાંથી કોઈ એકની માનસિક સ્થિતિ ઓછામાં ઓછાં બે વર્ષથી અસ્થિર હોય.

(4) **અસાધ્ય કુષ્ઠરોગ :** બેમાંથી કોઈ એક વ્યક્તિ એક વરસથી રક્તપિત્તના રોગથી પીડાતી હોય.

(5) **ચેપી રોગ :** પતિ કે પત્ની બેમાંથી કોઈ એકને ચેપી રોગ થયો હોય.

(6) **સંસારત્યાગ :** બેમાંથી કોઈ એક પક્ષે સંસારનો ત્યાગ કર્યો હોય એટલે કે સંન્યાસ લીધો હોય.

(7) **અલગતા :** બંને પક્ષો - પતિ અને પત્ની સતત સાત વર્ષથી કોઈ પણ કારણસર એકબીજાથી અલગ રહેતાં હોય.

(8) **વૈવાહિક હકની નિષ્ફળતા :** અદાલત દ્વારા લગ્નહકના કાયદેસર પુનઃસ્થાપનનું હુકમનામું થયું હોય અને તેનું પાલન ન થયું હોય.

આ ઉપરાંત લગ્ન પહેલાં પતિએ કોઈ બીજી સ્ત્રી સાથે લગ્ન કરેલું હોય અને લગ્ન વખતે તે બીજી સ્ત્રી હયાત હોય તો પત્નીને છૂટાછેડા મળી શકે છે.

**છૂટાછેડા પછી પુનર્લગ્ન**

અદાલતમાં છૂટાછેડા મંજૂર થઈને લગ્ન રદબાતલ થયાં હોય તો ઉપલી અદાલતમાં અપીલ કરવાની મુદત વીતી ગયા બાદ અથવા અપીલ અદાલતે કાઢી નાખી હોય તેવા સંજોગોમાં છૂટાછેડા લીધેલ કોઈ પણ વ્યક્તિ છૂટાછેડાના હુકમનામાના એક વર્ષ બાદ ફરીથી લગ્ન કરી શકે છે.

**ભરણપોષણ અંગેનો કાયદો - 1956**

હિન્દુવિધિ પ્રમાણે લગ્ન કરેલાં હોય તો પરંપરાગત હિન્દુ સમાજવ્યવસ્થામાં પત્ની અને તે પત્નીથી થયેલાં બાળકોનું ભરણપોષણ કરવાની પતિની નૈતિક અને સામાજિક જવાબદારી હતી અને સમાજ એની પાસે એ જવાબદારીનું પાલન કરાવતો હતો.

આધુનિક કાળમાં રાજ્ય કે સરકાર સમાજજીવન વ્યવસ્થિત ચાલે તે હેતુથી સમાજજીવનના દરેક વ્યવહારને લગતા કાયદા કરે છે ને તેનું પાલન સૌએ કરવાનું આવશ્યક હોય છે.

વિવાહિત જીવનમાં પતિપત્ની વચ્ચે વિચારભેદ કે અણબનાવ થવાનું સામાન્ય હોય છે. કુટુંબમાં પરિસ્થિતિ જ્યારે વિષમ બની જાય અને પતિપત્નીને જુદા થવું પડે તેવા સંજોગોમાં પત્નીને પતિ પાસેથી પોતાના જીવનનિર્વાહ માટે ભરણપોષણ મેળવવાનો હક આ કાયદાથી મળેલો છે. તેને નીચેના સંજોગોમાં આવો હક મળેલો છે અને તે ભરણપોષણનો દાવો કરી શકે છે :

(1) પત્નીની મરજી વિરુદ્ધ અને કારણ વિના પતિએ પત્નીનો ત્યાગ કર્યો હોય.

(2) પતિ પત્ની સાથે ક્રૂરતાભર્યું વર્તન કરતો હોય ને તેથી પત્નીને પોતાના માટે જોખમ લાગતું હોય કે સાસરાપક્ષ તરફથી પત્નીની પજવણી થતી હોય.

(3) પતિને એક વરસથી વધુ સમયથી કોઈ અસાધ્ય રોગ થયો હોય.

(4) પતિની બીજી પત્ની હયાત હોય.

(5) પતિએ ધર્મપરિવર્તન કર્યું હોય. શીખ, જૈન અને બૌદ્ધ હિંદુ ધર્મમાં સમાવેલા ગણાય છે. તેથી કોઈ વ્યક્તિ તેમાંથી કોઈ પણ ધર્મ સ્વીકારે તે ધર્મપરિવર્તન ગણાતું નથી. પણ કોઈ મુસ્લિમ, ખ્રિસ્તી કે પારસી ધર્મ અંગીકાર કરે તે ધર્મપરિવર્તન ગણાય છે.

(6) પતિ પોતાની પત્ની ઉપરાંત કોઈ બીજી સ્ત્રીને એટલે કે રખાતને રાખે.

**ભરણપોષણના હકદાર**

આ કાયદા હેઠળ નીચેની વ્યક્તિઓ ભરણપોષણ માટે હકદાર ગણાય છે :

(1) પત્ની તેના પતિ પાસેથી.

(2) વિધવા પુત્રવધૂ તેના સસરા પાસેથી.

(3) સગીર બાળકો તેમનાં માતાપિતા પાસેથી.

(4) વયોવૃદ્ધ અને અશક્ત માતાપિતા તેમના પુત્ર કે પૌત્ર પાસેથી.

**ભરણપોષણ માટે મહત્ત્વની જોગવાઈઓ**

(1) ભરણપોષણ મેળવવા માગતી પત્ની પોતાની મેળે પોતાનું ભરણપોષણ કરવા અસમર્થ હોવી જોઈએ.

(2) પરિણીત પુત્રી પુખ્ત વયની થયા પછી પિતા પાસેથી ભરણપોષણ માગી શકે નહિ.

(3) બાળક પરિણીત હોય કે અપરિણીત હોય પણ જો તે પોતાની મેળે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ન હોય અને સગીર વયનું હોય તો તેના ભરણપોષણની માગણી કરી શકાય છે.

(4) છૂટાછેડા લીધેલા હોય અને ફરીથી લગ્ન કરેલ ન હોય તેવી સ્ત્રી પોતાના પતિ પાસે ભરણપોષણની માગણી કરી શકે છે.

આ કાયદામાં એવી પણ જોગવાઈ છે કે એક વખત ભરણપોષણની રકમ નક્કી થયા પછી આર્થિક કે બીજા કોઈ કારણથી પરિસ્થિતિ બદલાય તો ભરણપોષણની રકમમાં ફેરફાર કરવા માટે અદાલતને અરજી કરી શકાય છે.

જેવી રીતે હિંદુ પુરુષની પોતાનાં માતાપિતા કે બાળકોને નિભાવવાની જવાબદારી છે તેમ હિંદુ સ્ત્રી ઉપર પણ આ કાયદાથી ભરણપોષણની જવાબદારી નાખવામાં આવી છે. તે પ્રમાણે, સ્ત્રી જો કમાતી હોય તો તેનાં સંતાનો કે અશક્ત માબાપને નિભાવવાની તેની જવાબદારી બને છે.

પત્નીનું ભરણપોષણ કરવું એ પતિની કાયદેસરની ફરજ છે તેથી પત્નીનાં માબાપની આવક સાથે તેને કંઈ નિસબત નથી.

**ભરણપોષણના હુકમમાં ફેરફાર**

જો પત્ની બીજાં લગ્ન કરે, તે બીજા પુરુષ સાથે રહેવા લાગે, પતિ એની નોકરી ગુમાવે કે તેની આવક બંધ થઈ જાય, પતિ કાયમી રીતે અશક્ત થઈ જાય કે પત્નીને નોકરી મળે - આ સંજોગોમાં પત્નીને આપવાના ભરણપોષણનો હુકમ રદ કરવાની અથવા તેની રકમમાં ઘટાડો કરવાની અરજી પતિ કરી શકે છે.

**દહેજ પ્રતિબંધક ધારો - 1961**

સ્ત્રીઓની સલામતી અને સમાજમાં તેમની સ્થિતિની સુધારણા માટે આઝાદી પછી ભારતમાં ઘણા કાયદા અમલમાં આવ્યા છે. એમાંનો એક ખૂબ મહત્ત્વનો કાયદો તે દહેજ પ્રતિબંધક ધારો 1961માં ભારતની સંસદે પસાર કર્યો હતો. આ કાયદો સમગ્ર ભારતને લાગુ પાડવામાં આવ્યો છે.

હિંદુ સમાજમાં લગ્ન એક ધાર્મિક સંસ્કાર ગણાય છે. હિંદુ માતાપિતા પોતાની પુત્રીને લગ્ન કરાવીને સાસરે મોકલે ત્યારે ત્યાં તેના લગ્નજીવનમાં તે સુખી થાય અને તેના કુટુંબજીવનમાં તેને કેટલીક સગવડો મળી રહે તેવા શુભ હેતુથી પોતાની શક્તિસંપત પ્રમાણે તેને કપડાં, દાગીના, વાસણો કે રોકડ રકમ આપે તેને દહેજ કહેવાય છે.

હિંદુ સમાજમાં દહેજ એક મોટું સામાજિક અનિષ્ટ બની ગયું છે. આ દૂષણને લીધે અનેક સ્ત્રીઓને સાસરીમાં આપઘાત કરવા પડ્યા છે કે સાસરિયાંએ તેમને સળગાવી મારી છે. દહેજના કારણે મારઝૂડ થતી હોય એવી સ્ત્રીઓની સંખ્યા તો ગણી ગણાય નહિ તેટલી મોટી છે. સદીઓથી આપણે જોતા આવ્યા છીએ કે લગ્ન વખતે કન્યાનાં પિયરિયાં તરફથી દહેજ આપવું તે લગ્નની શરત બની ગયા જેવી બાબત છે અને દહેજમાં રોકડ રકમ, સોનું, કાર, ટીવી, ફ્રિજ, બંગલો, પરદેશમાં ભણવા જવાનો ખર્ચ કે નવો ધંધો શરૂ કરવા

માટે મૂડીની રકમ એની કોઈ મર્યાદા જ રહેતી નથી. કન્યાનાં માતાપિતા પોતાની સંપત પ્રમાણે તો વગર માગ્યે આપતાં હોય છે પણ માગેલું દહેજ ના મળે તો લગ્નમંડપમાં જ લગ્ન અટકાવી દેવા સુધીની જોહુકમી થતી હોય છે.

### દહેજની વ્યાખ્યા

દહેજ પ્રતિબંધક ધારાની જોગવાઈ પ્રમાણે ''દહેજ એટલે કોઈ પણ મિલકત કે કીમતી વસ્તુ સીધી કે આડકતરી રીતે લગ્ન સમયે લગ્નના પક્ષકારો એકબીજાને આપવાની સમજૂતી કરે અગર તો લગ્ન કરનાર પક્ષકારોનાં માતાપિતા દહેજ આપવાની સમજૂતી કરે અને આ વસ્તુની લેવડદેવડનો આશય લગ્નના અવેજ માટેનો જ્યારે નક્કી કર્યો હોય ત્યારે તેને દહેજ કહેવાય છે.''

આ કાયદામાં એવી પણ જોગવાઈ છે કે રોકડ રકમ, દાગીના, કપડાં વગેરેનો સમાવેશ એ વસ્તુઓ જો લગ્નના અવેજ તરીકે ન આપી હોય તો દહેજની વ્યાખ્યામાં થતો નથી.

આ કાયદો અમલમાં આવ્યા પછી પણ દહેજ અંગેના ગુનાઓનું પ્રમાણ વધવાને પરિણામે તે કાયદામાં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે ને તે સુધારા 2જી ઑક્ટોબર, 1985થી અમલમાં આવ્યા છે.

આ સુધારાની જોગવાઈ પહેલાં ''જો દહેજમાં આપવામાં આવેલી કોઈ પણ મિલકત લગ્નના અવેજ તરીકે આપવામાં આવી હોય તો જ તેને દહેજ તરીકે ગણવામાં આવતી હતી'' તેના બદલે વ્યાખ્યામાંથી ''અવેજ'' શબ્દ કાઢી નાખવામાં આવ્યો એટલે 'અવેજ વગર પણ આપવામાં આવેલી કોઈ પણ રકમ કે મિલકત દહેજ ગણાશે' એવી વ્યાખ્યા થઈ.

સુધારેલા કાયદામાં એવી જોગવાઈ પણ કરવામાં આવી છે કે લગ્નપ્રસંગે કોઈ પણ માગણી કર્યા વગર કન્યાને આપવામાં આવેલી ભેટ કે રકમનો દહેજમાં સમાવેશ થતો નથી.

### દહેજનો ગુનો

લગ્ન કરનાર કોઈ પણ પક્ષકાર સીધી કે આડકતરી રીતે કન્યા કે વરનાં માતાપિતા પાસેથી દહેજની માગણી કરે તે ગુનો બને છે. આવો ગુનો જામીન પર છોડી ન શકાય તેવો ગુનો ગણાય છે. દહેજનો ગુનો કરનારને પાંચ વર્ષની જેલની સજા અને ઓછામાં ઓછો રૂા. 15,000/-નો દંડ થઈ શકે છે. દહેજનો ગુનો જે વ્યક્તિ સામે નોંધાય તે વ્યક્તિએ પોતે નિર્દોષ છે તેના પુરાવા તેણે જ રજૂ કરવાના રહે છે.

### દહેજ-મૃત્યુ

દહેજના કાયદાના અસરકારક અમલ માટે ઇન્ડિયન પિનલ કોડ-ભારતીય દંડસંહિતાની કલમ 304-એમાં એવો સુધારો કરવામાં આવ્યો છે કે સામાન્ય સંજોગો સિવાય કોઈ પણ સ્ત્રીનું બળી જવાથી કે શારીરિક મહાવ્યથાથી મૃત્યુ થયું હશે અને મૃત્યુ પહેલાં તેના ઉપર જુલમ ગુજારવામાં આવ્યો હોય કે તેના પતિ તરફથી મુશ્કેલીઓ ઊભી કરવામાં આવી હોય તો એ મૃત્યુને 'દહેજ-મૃત્યુ' ગણવામાં આવશે અને તે બદલ જવાબદાર સામે કાયદેસર કામ ચલાવવામાં આવશે. આવા દહેજ-મૃત્યુના ગુનામાં દોષિત ઠરનારને સાત વરસથી માંડીને જન્મટીપ સુધીની સજા થઈ શકશે.

### ભેટ-વસ્તુઓની યાદી

દહેજ પ્રતિબંધક ધારામાં થયેલા સુધારા મુજબ લગ્ન સમયે કન્યાને તથા વરરાજાને જે જે વસ્તુઓ ભેટમાં મળી હોય તેની બંનેની અલગ યાદીઓ બનાવવાની હોય છે. તે યાદીમાં વર અને કન્યા બંનેએ સહીઓ કરવાની હોય છે. કોઈ નિરક્ષર હોય તો તેના અંગૂઠાની છાપ લઈને તે યાદી બંનેને વાંચી સંભળાવવાની હોય છે તથા તે વાંચી સંભળાવનાર તેમાં વતીથી સહી કરે છે.

**દહેજના ગુનાની ફરિયાદ**

સુધારેલા કાયદામાં એવી મહત્ત્વની જોગવાઈ છે કે દહેજ અંગેના ગુનાની ફરિયાદ સરકારે અધિકૃત કરેલી સામાજિક સંસ્થાઓમાં પણ કરી શકાય છે. એવી મહિલા કલ્યાણનું કામ કરતી ચૌદ સંસ્થાઓને સરકારે અધિકૃત કરેલી છે.

**હિન્દુ દત્તક વિધાન - 1956**

આ કાયદાનો સિદ્ધાંત ધાર્મિક માન્યતા ઉપર આધારિત છે. પુત્રએ પોતાના પિતૃઓનો વંશવેલો આગળ વધારવા અને પિતૃઋણ અદા કરવા માટે જરૂરી શ્રાદ્ધ-ક્રિયા અને પિંડદાન કરવાની ફરજ બજાવવાની હોય છે. એટલે હિંદુ પતિપત્નીને પોતાનો પુત્ર ન હોય તો તે કોઈ છોકરાને દત્તક લઈ શકે છે.

**કોણ દત્તક લઈ શકે ?**

(1) નિઃસંતાન પતિપત્ની એક પુત્ર અને એક પુત્રીને દત્તક લઈ શકે છે.

(2) કોઈને પુત્ર હોય પણ તેણે સંન્યાસ લીધો હોય કે ધર્મપરિવર્તન કર્યું હોય તો તે પુત્રને દત્તક લઈ શકે છે.

(3) દત્તક લેવા માટે દત્તક લેનાર પતિ અને પત્ની બંનેની સંમતિ હોવી જોઈએ.

**સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર**

જે સ્ત્રી સ્વસ્થ મનની હોય, સગીર વયની ન હોય, અપરિણીત હોય, પરિણીત હોય તો તેનાં લગ્ન રદ થયાં હોય, જેનો પતિ ગુજરી ગયો હોય અથવા તેણે સંસારનો ત્યાગ કર્યો અથવા તેણે હિંદુ ધર્મ ત્યજી દીધો હોય અથવા તે અસ્થિર મનનો જાહેર થયો હોય તે સ્ત્રી પુત્ર કે પુત્રીને દત્તક લઈ શકે છે.

આમ, દત્તક લેવાનો અધિકાર પુરુષ અને સ્ત્રી બંનેને મળેલો છે.

**દત્તક કોણ આપી શકે ?**

બાળકની માતા, તેનો પિતા કે તેનો વાલી બાળકને દત્તક આપી શકે. જો પત્ની જીવતી હોય તો તેની સંમતિ લઈને જ દત્તક આપી શકાય. જેનો પતિ મૃત્યુ પામ્યો હોય તેવી વિધવા સ્ત્રી પુત્રને દત્તક આપી શકે.

**કોને દત્તક લઈ શકાય ?**

દત્તક લેવાનાર બાળક હિંદુ હોવું જોઈએ. તેને અગાઉ કોઈએ દત્તક લીધેલું હોવું જોઈએ નહિ. તે અપરિણીત હોવું જોઈએ. સામાન્ય રીતે તેની ઉંમર પંદર વર્ષથી ઓછી હોવી જોઈએ.

શીખ, જૈન અને બૌદ્ધો પણ હિન્દુ ગણાય છે. એટલે એમાંથી કોઈ પણ પંથની વ્યક્તિ બીજા પંથના બાળકને દત્તક લઈ શકે છે પણ હિન્દુ વ્યક્તિ કોઈ મુસ્લિમ કે ખ્રિસ્તી બાળકને દત્તક ના લઈ શકે.

અનાથાશ્રમમાં જે ત્યજાયેલાં બાળકો હોય છે તેમાંથી પણ કોઈને દત્તક લઈ શકાય છે.

**સમાન વેતનધારો - 1976**

ભારતની સંસદમાં 11મી ફેબ્રુઆરી 1976ના રોજ આ કાયદો ઘડાયો. એનો હેતુ સ્ત્રી અને પુરુષને સરખા કામ માટે સમાન પગાર આપવાનો અને જાતિ જાતિ વચ્ચેની અસમાનતા દૂર કરવાનો છે. ભારતના બંધારણનો આદેશ છે કે દરેક રાજ્યે પોતાના નિયમો કરીને સ્ત્રી અને પુરુષને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈએ. પુરુષ યા સ્ત્રીને કોઈ પણ સંસ્થામાં સમાન કામ માટે નોકરી સમાન ધોરણે આપવી. આ કાયદો દરેક સંસ્થાઓ, રાજ્યસરકાર અને કૉર્પોરેશન વગેરેને આવરી લે છે.

સમાન કાર્ય એટલે એવું કાર્ય કે જેમાં સમાન વાતાવરણમાં આવડત, મહેનત અને જવાબદારી સરખી હોય. આ કાયદા પ્રમાણે સમાન કાર્ય માટે કોઈ પણ સંસ્થામાં જોડાવા બાબતે કે વેતન માટે ભેદભાવ ન કરી શકાય કે સ્ત્રીને પુરુષ કરતાં ઓછું વેતન આપી ન શકાય.

આપણે ઉપર જોઈ ગયા કે ભારતીય સમાજમાં પુરુષ અને સ્ત્રીના કામમાં પરંપરાગત ભેદભાવો હજારો વર્ષોથી ચાલ્યા આવ્યા છે. સ્ત્રીના કામને હંમેશાં હલકી કોટિનું અને ઊતરતું ગણવામાં આવ્યું છે, કારણ કે કુટુંબમાં કે સમાજમાં સ્ત્રીનું સ્થાન પુરુષના મુકાબલે ગૌણ ગણેલું છે તેથી સ્ત્રીઓને અનેક પ્રકારનાં અન્યાય, અપમાન, માનહાનિ અને ત્રાસ સહન કરવાં પડ્યાં છે.

દેશમાં આઝાદી આવ્યા પછી આર્થિક વિકાસની કૂચ આરંભાઈ તેની સાથે કાયદા દ્વારા સામાજિક સુધારણાની કામગીરી વિશેષ રૂપે શરૂ થઈ. તેનું મુખ્ય લક્ષણ સ્ત્રીઓને સમાજજીવનમાં, કુટુંબમાં પુરુષોની સાથે સમાન દરજ્જો પ્રાપ્ત કરાવીને તેમનો માનમોભો જળવાય અને તેઓ સ્વમાનભેર જીવન જીવતી થાય એવી સામાજિક પરિસ્થિતિનું નિર્માણ કરવાનો છે. તે હેતુ માટે એક બાજુ સ્ત્રીશિક્ષણનો વ્યાપક ફેલાવો થાય તેનું કામ ચાલે છે. અશિક્ષિત ને નિરક્ષર સ્ત્રીઓ અન્યાય ને અત્યાચાર લાચારીપૂર્વક સહી લે છે. તેના મુકાબલે ભણેલીગણેલી સ્ત્રીઓ તેવા અન્યાયનો પ્રતિકાર કરતી થાય છે. બીજી બાજુ સ્ત્રીઓને પરંપરાગત રીતે જે અન્યાયો સહન કરવા પડતા હતા તેમાંથી તેમને મુક્ત કરવા માટે જરૂરી કાયદા પણ સરકાર બનાવે છે ને અન્યાય-અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓને કાયદેસરનું રક્ષણ મળે તેવા પ્રયાસો પણ કરે છે. તે હેતુસર સરકારે ઘડેલા કાયદાઓમાંથી કેટલાક મહત્ત્વના કાયદાઓની જાણકારી આપણે મેળવી છે. તેનાથી સ્ત્રીઓને ઘણું રક્ષણ મળ્યું છે ને ઘણા લાભ પણ થયા છે.

## સ્વાધ્યાય

**1.** નીચેના પ્રશ્નોના દરેકના એક વાક્યમાં જવાબ આપો :

(1) ભારતના કયા વિસ્તારોમાં માતૃસત્તાક કુટુંબો છે ?

(2) કુટુંબમાં કાર્યવિભાજનની શરૂઆત ક્યારથી થઈ ?

(3) માણસના ભટકતા જીવનનો અંત ક્યારે આવ્યો ?

(4) કુટુંબને લગતી કોઈ પણ બાબતનો નિર્ણય કરવાનો અધિકાર કોના હાથમાં હોય છે ?

(5) સતીપ્રથા નાબૂદીનો કાયદો કોણે કર્યો હતો ?

(6) રાજા રામમોહનરાય ક્યાંના વતની હતા ?

(7) સ્ત્રીઓને પુરુષોની સાથે સમાનતાનો અધિકાર કયા કાયદાથી મળ્યો ?

(8) દહેજ એટલે શું ?

**2.** નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા જવાબોમાંથી સાચો જવાબ પસંદ કરીને ☐ માં તેનો ક્રમ લખો :

(1) પિતૃસત્તાક કુટુંબ એટલે કેવું કુટુંબ ? ☐

(1) જેમાં પિતૃઓની સત્તા ચાલતી હોય.

(2) જેમાં માતાપિતાની સત્તા ચાલતી હોય.

(3) જેમાં કુટુંબના વડાની સત્તા ચાલતી હોય.

(4) જેમાં પિતાની સત્તા ચાલતી હોય.

(2) માણસના ભટકતા જીવનનો અંત ક્યારે આવ્યો ? ☐
(1) તેણે લગ્ન કરવાનું શરૂ કર્યું ત્યારે.
(2) તેણે મકાન બાંધવાનું શરૂ કર્યું ત્યારે.
(3) તેણે ઘોડેસવારી શરૂ કરી ત્યારે.
(4) તેણે ખેતી-પશુપાલનનો વિકાસ કર્યો ત્યારે.

(3) કુટુંબમાં સ્ત્રીને ઊતરતી શા માટે ગણવામાં આવે છે ? ☐
(1) તેની પાસે મિલકતનો અધિકાર નથી તેથી.
(2) તેની ઊંચાઈ ઓછી હોય છે તેથી.
(3) તે અભણ હોય છે તેથી.
(4) તે બીકણ હોય છે તેથી.

(4) હિન્દુ લગ્નધારો કોને લાગુ નથી પડતો ? ☐
(1) શીખોને (2) જૈનોને (3) બૌદ્ધોને (4) પારસીઓને

(5) સમાન વેતનધારો કોને લાગુ પડે છે ? ☐
(1) દરેક જ્ઞાતિની વ્યક્તિઓને.
(2) એક જ્ઞાતિની બધી વ્યક્તિઓને.
(3) પુરુષ અને સ્ત્રીને.
(4) સમાન કાર્ય માટે સમાન લાયકાતવાળા પુરુષ અને સ્ત્રીને.

**3.** નીચેના દરેક પ્રશ્નના ચારપાંચ લીટીમાં જવાબ આપો :
(1) કુટુંબમાં પ્રારંભિક કાર્યવિભાજન કેવું હતું ?
(2) પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થાનું બીજ શામાં પડેલું છે ?
(3) ખેતીપ્રધાન કુટુંબમાં શ્રમવિભાજન કેવું હોય છે ?
(4) કુટુંબવ્યવસ્થામાં સ્ત્રીનું મહત્ત્વ કેવી રીતે અંકાતું હતું ?
(5) ગ્રામવિસ્તારમાં સ્ત્રીઓ કુટુંબમાં કયાં કયાં કામ કરે છે ?
(6) હિંદુ લગ્નધારાની મુખ્ય જોગવાઈઓ કઈ કઈ છે ?
(7) કેવા સંજોગોમાં સ્ત્રીને ભરણપોષણ માગવાનો હક છે ?

**4.** નીચેનાં વિધાનો કારણો આપીને સમજાવો :
(1) પ્રાચીન કાળમાં સ્ત્રી સ્વતંત્રતાને લાયક ગણાતી ન હતી.
(2) હિન્દુ વ્યક્તિ કોઈ મુસ્લિમ બાળકને દત્તક ના લઈ શકે.
(3) શીખ, જૈન અને બૌદ્ધો હિન્દુ ધર્મમાં ગણાય છે.
(4) હિન્દુ સમાજમાં દહેજ મોટું દૂષણ બની ગયું છે.

•